Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :19• Date : 29-08-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### રાજયમાં સિઝનનો ૧૦૫ ટકા વરસાદ પડયો


## ૨૪ કલાકમાં દ્વારકાના ખંભાળિયામાં ૧૮ ઈંચ વરસાદ





અમદાવાદ

હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં ગત ત્રણ દિવસથી અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. હજુ પણ આગામી બે થી ત્રણ દિવસ માટે ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકામાં સૌથી વધુ ૧૮ ઈંચ કરતા પણ વધારે વરસાદ વરસ્યો છે. જ્યારે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૨૪



કલાકમાં અધધ ૧૨ ઈંચથી વધુ, જામનગર જિલ્લામાં ૧૧ ઈંચથી વધુ અને પોરબંદર જિલ્લામાં ૯ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જામનગર તાલુકામાં ૧૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જામનગરના જામજોધપુર અને લાલપુર તાલુકામાં પણ ૧૩ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જામનગરના કાલાવડ અને પોરબંદરના રાણાવાવ તાલુકામાં ૧૧ ઈંચથી વધુ, દેવભૂમિ દ્વારકાના ભાણવડ, કલ્યાણપુર અને દ્વારકા તાલુકા ઉપરાંત રાજકોટના કોટડા સાંગાણી તાલુકામાં તથા પોરબંદર તાલુકામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે, રાજકોટ તાલુકા ૯ ઈંચથી વધુ વરસાદ થયો છે.જામનગરના ધ્રોલ તેમજ રાજકોટના ધોરાજી અને જામકંડોરણા તાલુકામાં ૭ ઈંચથી વધુ જ્યારે, રાજકોટના ગોંડલ, પોરબંદરના કુતિયાણા અને જામનગરના જોડીયા તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.આ ઉપરાંત મોરબીના વાંકાનેર અને ટંકારા તાલુકામાં, જુનાગઢના વિસાવદર, વંથલી, માણાવદર, મેંદરડા અને કેશોદ તાલુકા ઉપરાંત રાજકોટના ઉપલેટા તાલુકામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૨ તાલુકામાં ૪ ઈંચથી વધુ, ૮ તાલુકામાં ૩ ઈંચથી વધુ, ૨૭ તાલુકામાં ૨ ઈંચથી વધુ તેમજ ૯૮ તાલુકામાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના ૮૦ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં સમગ્ર રાજયના કુલ ૨૫૦ તાલુકામાં સરેરાશ ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર કરીને ૧૦૫ ટકા સુધી પહોંચ્યો છે. આ વર્ષે કચ્છ ઝોનમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૨૫ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૧૬ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૦૯ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૦૨ ટકાથી વધુ, જ્યારે, ઉત્તર ગુજરાતમાં હજુ સુધી ૮૪ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

### ભારે વરસાદની રેલવે સેવા પર અસર

## અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડતી ૫૪ ટ્રેનો રદ, મુસાફરોને હાલાકી

સુરત

ગુજરાતમાં પડી રહેલા અવિરત વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. પશ્ચિમ રેલવે વડોદરા ડિવિઝન પર ભારે વરસાદના કારણે બાજના સ્ટેશન પર પાણી ભરાઈ જતા ટ્રેન વ્યવહાર ખોરવાયો છે. અત્યાર સુધીમાં ૫૬ ટ્રેન રદ કરવામાં આવી છે અને ૪૩ ટ્રેન ડાયવર્ટ કરવામાં આવી રહી છે. તેને લઈને સુરત રેલવે સ્ટેશન પર લોકોએ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. ગુજરાતમાં ભારે વરસાદના કારણે ટ્રેન વ્યવહાર અસ્તવ્યસ્ત થતા અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. તો, કેટલીક ટ્રેનો ૧૦થી ૧૨ કલાક મોડી ચાલી રહી છે. સુરત રેલ્વે સ્ટેશન પર મોટી સંખ્યામાં યાત્રીઓ ટ્રેનની રાહ જોઈ રહ્યા છે. ટ્રેન રદ થવાની કે, મોડી પડવાની જાણકારી તેમને પહોંચી નથી એવી ફરિયાદ તેઓ કરી રહ્યા છે. કેટલાય યાત્રીઓ રેલ્વે પ્લેટફોર્મ પર ૧૦ કલાકથી ટ્રેનની રાહ જોઈ રહ્યા છે પણ ટ્રેન ન મળતા તેમને હાલાકી થઈ રહી છે.

રેલ્વે સ્ટેશન પર યાત્રીઓને કોઈ પણ પ્રકારની જાણકારી અધિકારીઓ દ્વારા આપવામાં ન આવી હોવાની ફરિયાદ યાત્રિકો દ્વારા સતત કરવામાં આવી રહી છે. સુરત રેલ્વે સ્ટેશન પર મુંબઈ અને ભાવનગરથી આવેલા યાત્રીઓ ટ્રેન મોડી થતા ફસાયા છે. તેમની ટ્રેન સ્ટેશનથી ઘણી દૂર છે એવા જ જવાબ તેમને મળી રહ્યા છે. જેને કારણે યાત્રીઓ અન્ય ટ્રેનની પણ વ્યવસ્થા કરી શક્યા ન હતા. પોતાની વાત જણાવતા એક યાત્રી શાકીરે જણાવ્યું હતું કે, અમારે મુંબઈ પહોંચવાનું હતું ત્યાંથી મારી ફ્લાઈટ હતી. અમારી ટ્રેન અહીંથી ૭:૨૫ની હતી. ટ્રેન ક્યાં છે ક્યારે આવશે તે વિશે અહીં કોઈને અપડેટ જ નથી. ઈક્વાયરી કાઉન્ટરથી લઈને વેબસાઈટ પર પણ તે અંગે કોઈ જ માહિતી નથી.

ક્યારેક વરસાદ અત્યારે ગરમી સહન કરીને અમે સવારે ૬:૩૦ વાગ્યાથી પ્લેટફોર્મ પર ઉભા છે. સૌથી ખરાબ બાબત એ છે કે અહીં સચોટ માહિતી કોઈની પાસે નથી. ટેકનોલોજીના યુગમાં ટ્રેન ક્યાં છે તે પણ તેઓ કરી શકતા નથી. યાત્રી દિનેશ કુમારે જણાવ્યું હતું કે, હું સૂર્યનગરીમાં જવાનો હતો. ટ્રેન ૫.૩૦ થી ૬ કલાક લેટ બતાવે છે પરંતુ હજી સુધી તેની કોઈ જ અપડેટ નથી.અમે ઈક્વાયરી કાઉન્ટર પર પૂછીને થાકી ગયા છે પરંતુ કોઈ જ માહિતી મળી રહી નથી. અનેક ટ્રેન રદ હોવાથી અન્ય ટ્રેનની વ્યવસ્થા પણ કરી શકતા નથી. ટ્રેન રદ હોવાથી ડાઈવર્ટ થવા અંગે પણ પહેલા કોઈ માહિતી આપવામાં આવી ન હતી. આ અંગે યાત્રી સૂર્યકાંત યાદવે જણાવ્યું હતું કે, મારે મુંબઈ જવાનું છે અને સવારે ૮:૦૦ વાગ્યાથી પ્લેટફોર્મ ઉપર ઊભા છીએ પરંતુ ટ્રેન ક્યારે આવશે તે અંગે કોઈ જણાવી રહ્યું નથી. હમણાં થોડીવાર પહેલા જ જરૂર પૂછ્યું ત્યારે તેમણે સમય અંગે જવાબ આપ્યો ન હતો.અમારે કેટલી રાહ જોવી પડશે ?? કોઈ વિશ્વાસ પણ નથી અપાવી રહ્યું. બે કલાકે ચાર કલાક રાહ જોયા પછી પણ ટ્રેન આવશે કે કેમ એ બતાવી રહ્યા નથી. ટ્રેન સ્ટેશનથી ઘણી દૂર છે માત્ર એવો જ જવાબ મળી રહ્યો છે.

વેસ્ટન રેલવેના CPRO શ્વિનીત અભિષેકે જણાવ્યું હતું કે, રેલ્વે વિભાગ દ્વારા ૫૪ જેટલી ટ્રેનો રદ કરવામાં આવી છે.

## તંત્રી લેખ

# આલિંગન : શબ્દ વગરની અભ્વ્યક્તિ

ભારતના પ્રધાનમંત્રી શ્રી એ યુક્રેઇનના પ્રમુખને ભેટી પડયા. યૂક્રેઈન રશિયા વચ્ચેના રાજકીય તણાવની વિસ્તૃત ચર્ચા કરવા જે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું એમાં નરેન્દ્રભાઈ અને વોલદીમીર ઝેલેન્સકીનું આલિંગન પણ સમાચાર બન્યું. આ અગાઉ લગભગ એક મહિના પહેલા મોદીજી રશિયાનાના પ્રમુખ પુતિનને પણ ભેટી પડેલા. ભારતના યુક્રેઇન અને રશિયા સાથેના સંબંધનો જૂનો અને લાંબો ઈતિહાસ છે. મોદીજીની પુતિન સાથેનું આલિંગન ઘણા નેતાઓ અને પ્રેસમાં ચર્ચાયું અને તેની માટે કટાક્ષો પણ થયા. ભારતના વિદેશી સંબંધોના મિનિસ્ટર એસ જયશંકર એ પણ એ આલિંગન માટેની કેટલીક સ્પષ્ટતા કરી. પ્રધાનમંત્રી ઝેલસ્કી ને ભેટે કે પુતિનને ભેંટે તો એ રાજકીય મુદો બને એ સાહજિક છે પરંતુ સાવ અમસ્તા સાહજિક આલિંગનને આમ તો કોઈ રાષ્ટ્ર, સીમા, રાજકારણ,ભાષા કે સમાજ સાથે પણ લેવાદેવા નથી.

આલિંગન એટલેકે ભેટવું એટલેકે હગનો ઈતિહાસ માણસ જાત જેટલો જ જૂનો છે. આપણા સામાજિક વિકાસમાં પણ આલિંગનના અલગ અલગ પ્રકાર અને અર્થઘટન શરુ થયાં. આલિંગન માત્ર આદમ અને ઈવ નું એટલેકે એકમેક ને રોમેન્ટિક પ્રેમ કરતા યુગલનું જ હોય તેવું જરૂરી નથી. વિજ્ઞાન અને ટેક્નોલોજીની શોધ પહેલા, ભાષાના આવિર્ભાવ પહેલા કે તમામ પ્રકારની વૈજ્ઞાનિક શોધ પહેલા બે વ્યક્તિ વચ્ચે આલિંગન સૌ સાહજિક રીતે થઇ ગયેલું હતું. ઉમળકો, મિત્રત્તા, ગમતીલા હોવાનો ભાવ, રાહનો અંત, સુખદ મિલન, કોઈ નવી શરૂઆત,કોઈ વિદાય કે સાંત્વના જેવી લાગણીઓને અભિવ્યક્ત કરવા માટે આલિંગન નનનું એક વર્તન પૂરતું છે. આમ એ શરીર, મન અને સંબંધોની સાહજિક ઘટના છે, પરંતુ આ પ્રકૃતિગત વર્તનમા બીજું ઘણું ઉમેરાયું.

પશ્ચિમની સંસ્કૃતિમાં આલિંગન શિષ્ટાચારના ભાગ રૂપે થાય છે. બે સેનાપતિ જો યુદ્ધ પહેલા આલિંગન આપે તો એનો અર્થ એ થાય કે બંને પક્ષ યુદ્ધના તમામ નિયમોનું પાલન કરશે. જયારે બે દેશના પ્રમુખો અથવા મહત્વનો હોદો ધરાવતા નેતા સામસામે એકબીજાના અર્ધ હાથ પકડીને ઉભા રહે છે ત્યારે તેને પ્રેસિડેન્શિયલ હગ એટલેકે હાલ્ફ હગ કહેવામાં આવે છે . દોસ્તીનું આલિંગન, પ્રણયનું દીર્ઘ આલિંગન, સંભોગ પહેલાનું આલિંગન,ઔપચારિક અલીગન, કોઈ પણ પ્રકારના વિચાર કે માનસિક તૈયારી કર્યા વગર ભાવાવેશમાં થયેલું આલીગન.. અલગ અલગ અર્થ અને હેતુ સાથે આ એક વર્તન જોડાતું ગયું અને તેના પ્રકારો બદલાતા અને બનતા ગયા.આલિંગનના થોડા જાણીતા પ્રકાર જોઈએ.

ક્લાસિક હગ : મિત્રો અને પરિવારમાં થતું આ આલિંગન સામાન્ય રીતે થતું ઉષ્માસભર હોય છે. બે વ્યક્તિઓ છાતી ચસોચસ સ્પર્શ સાથે એકબીજાને હાથ વીંટળાઈને ભેટે છે. જેમાં એકબીજાને અમુક ક્ષણો માટે પકડીને રખાય છે. બહુ લાંબા અરસા બાદ કોઈ મળે અથવા તો એકબીજાને પ્રેમ કરતા બે વ્યક્તિઓ પ્રેમની ઉત્કટ લાગણી અભવ્યક્ત કરવા માંગતા હોય ત્યારે આ પ્રકારનું આલિંગન કરે છે.

ટાઈટ હગ (ચુસ્ત આલિંગન) : આ પ્રકારના આલિંગનમાં આનંદની સાથે શરીરને સુખ આપવાની બાબત મોખરે હોય છે જેમાં બે વ્યક્તિઓ તેમના શરીરને એક કરીને ભેટના હોય તે રીતે આલિંગન આપે છે.

સાઈડ હગ (એક બાજુથી થતું આલિંગન): આ પ્રકારના આલિંગનમાં ઓછામાં ઓછો સ્પર્શ હોય છે . જયારે બે વ્યક્તિ મળે અને માત્ર એ મેળાપનો આરંભ કે અંત હોય ત્યારે સાથે હોવાની ભાવના દર્શાવે છે. આમ મિત્રાચારી અને સરળતા વધુ હોય છે .

પાછળથી થતું આલિંગન : જયારે કોઈ એક વ્યક્તિની પોતાની ગમતી વ્યક્તિને સુખદ આષ્ચર્ય આપવું હોય,એક રમતિયાળ વર્તન કરવું હોય અથવા ગમતી વ્યક્તિને માનવવાની હોય ત્યારે પાછળથી હાથ વીંટાળીને જે આલિંગન અપાય છે એ સામાન્ય રીતે યુગલોમાં જોવા મળે છે. રસોડામાં ચા બનાવતી પ્રેમિકાને પાછળથી આવીને ભેટી જતો પ્રેમી જે અભવ્યક્ત કરે છે તે અવ્યાખ્યાયિત છે.

નાનું આલિંગન : મિત્રોમાં અને સામાજિક સ્વજનોમાં આ ઓછા સમયનું આલિંગન થાય છે . જેમાં સામાન્ય રીતે શરીરનો ઉપરનો ભાગ એકબીજાને સ્પર્શે છે ,નીચેનો ભાગ નથી અડતો. આ પ્રકારના આલિંગનમાં શરીરનો સ્પર્શ મહત્વનો નથી.

પ્રતિક્રિયા વગરનું આલિંગન : જયારે કોઈ એક વ્યક્તિને સામેની વ્યક્તિને સ્પર્શ કરવાની ઈચ્છા ન હોય,અથવા તેને જે તે સમયે એવા કોઈ વર્તનની ઈચ્છા ન હોય ત્યારે તે તેના બહુ પસાર્યા વગર સીધા ઉભા રહે અને તે છત્તા બીજી વ્યક્તિ તેના હાથ વીંટાળીને ભેટે તે આ પ્રકારનું આલિંગન હોય છે.

પીઠ થાબડતું આલિંગનઃ જયારે કોઈ સફળતા માટે શાબાશી આપવાની હોય,કોઈને ઉષ્મા કે સાથે હોવાનો અનુભવ કરાવવાનો હોય ત્યારે જે હગ હોય તેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિની પીઠ થાબડે છે.

### જૂનાગઢમાં જળબંબાકાર

# ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ,વરસાદથી કુલ ૩૬ ગામ સંપર્ક વિહોણા થયા

## વંથલીના બે , માણાવદર ના ૧૫ , કેશોદના ૬ અને માંગરોળના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા : હજુ પણ વરસાદની પરિસ્થિતિ અણનમ છે

જૂનાગઢ,તા.૨૮

હવામાન વિભાગ દ્વારા આગામી પાંચ દિવસ ગુજરાત રાજ્યમાં વાતાવરણ વિશે આગાહી કરવામાં આવી છે. જેમાં આગામી ત્રણ દિવસ હજુ પણ ગુજરાત રાજ્ય માટે ભારે રહેશે તેમાં પણ ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓ માટે આગામી ૪૮થી ૭૨ કલાક અત્યંત ભારે વરસાદની સંભાવના છે.

જૂનાગઢમાં સતત બે દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અવિરત મેઘવર્ષાથી ઘેડ પંથકમાં જળબંબાકાર થતું જોવા મળી રહ્યું છે. ભારે વરસાદથી કુલ ૩૬ ગામ સંપર્ક વિહોણા થયા છે, જેમાં વંથલીના બે , માણાવદર ના ૧૫ , કેશોદના ૬ અને માંગરોળ ના ૧૩ ગામ સંપર્ક વિહોણા બન્યા છે. હજુ પણ વરસાદની પરિસ્થિતિ અણનમ છે. વરસાદ જો વધારે તીવ્રતા વધશે તો હજુ પણ આ સ્થિતિ વણસી શકે તેમ છે.

માણાવદર પંથકમાં ધોધમાર વરસાદને લીધે માણાવદર પોરબંદર હાઈવે બંધ થયો છે સરાડીયા ગામ પાસે પાણી ભરાઈ જતા ૨૪ કલાકથી વધુ સમયથી સ્ટેટ હાઈવે બંધ થયો છે જેથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ભારે વરસાદથી ઘેડ પંથકના અનેક રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે હજારો એકર ખેતીની જમીન પાણીમાં ગરકાવ થઈ છે અને ખેડૂતોએ ફરીથી વાવેલો પાક પણ નષ્ટ થયો છે. થોડા સમય પહેલા આજે વધારે પાણી ભરાઈ જવાથી ખેતરોમાં રહેલો પાક ખરાબ થઈ ગયો હતો એટલે ખેડૂતોએ ફરીથી પાકનું વાવેતર કર્યું હતું પરંતુ તે પાક પણ વધારે વરસાદથી નષ્ટ થયો છે તેથી ઘેડ પંથકમાં ચોમાસાના ખેડૂતોના બચી ગયેલા પાકને વધુ નુકસાન થવાની પણ સંભાવના છે.

વંથલીના આખા અને સેદરડા ગામ, માણાવદરના થાપલા વેકરી કોડવાવ ભીંડોરા ગણા વડા સમેગા ઈન્દ્રા પીપલાણા સરાડીયા દેશીગા ચીખલોદરા પાદરડી અને મટીયાણા ગામનો સંપર્ક કપાયો છે. આ સિવાય કેશોદનું મઢડા , મુડીયાસા , બામણાસા , અખોદડ , સરોડ , અને બાલાગામનો સંપર્ક તુટ્યો છે. જ્યારે માંગરોળનું લાંગડ , ફુલરામાં , મીતિ, લંબોરા, ચોટીલી વિડી ઓસા , ઘોડદર , સાંઢા , સરમા, બગસરા ઘેડ , ભાથરોટ , હન્ટરપુર ગામ સંપર્ક વિહોણા બન્યા છે.

### પોલીસે કાર જપ્ત કરી

# ભાજપના નેતાને ધમકી આપવાના ગુનામાં ગાયક વિજય સુવાળાની ધરપકડ કરાઈ

## એસ્ટેટ બ્રોકર દિનેશ અને વિજય સુવાળા વચ્ચે અગમ્ય કારણોસર અગાઉ બોલાચાલી થઈ હતી

અમદાવાદ

લોકગાયક વિજય સુવાળાએ તેના ભાઈ અને ૫૦થી વધુ મિત્રો સાથે મળીને ઓઢવ વિસ્તારમાં હથિયાર સાથે એસ્ટેટ બ્રોકરની ઓફિસ પર હુમલો કર્યો હતો. એસ્ટેટ બ્રોકર દિનેશ અને વિજય સુવાળા વચ્ચે અગમ્ય કારણોસર અગાઉ બોલાચાલી થઈ હતી.એસ્ટેટ બ્રોકર દિનેશ દેસાઈએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં વિજય ઉર્ફ વિજય સુવાળા સહિતના લોકો વિરુદ્ધમાં નામજોગ ધમકી તેમજ હુમલાની કોશિશ કરવાની ફરિયાદ નોંધાવી હતી. ઓઢવ પોલીસે વિજય સુવાળા સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. વિજય સુવાળા સહિત આઠ આરોપી સામે ગુનો નોંધાયો હતો. પોલીસે વિજય સુવાળાને નોટિસ આપતા પોલીસ સ્ટેશન હાજર થયા હતા. ચાર આરોપી જે પોતે ગુનામાં સામેલ ન હોવાનું કહે છે, તેને પોલીસે નોટિસ આપી છે અને પુરાવા સાથે હાજર રહેવા કહ્યું છે. ગુનામાં ઉપયોગમાં લેવાયેલી કાર પણ



પોલીસે જપ્ત કરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે લોકગાયક વિજય સુવાળાએ તેના ભાઈ અને ૫૦થી વધુ મિત્રો સાથે મળીને ઓઢવ વિસ્તારમાં હથિયાર સાથે એસ્ટેટ બ્રોકરની ઓફિસ પર હુમલો કર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. એસ્ટેટ બ્રોકર દિનેશ દેસાઈ મૂળ ગાંધીનગરના કલોલ તાલુકાના અડીસણા ગામનો રહેવાસી છે અને ભાજપના નેતા છે. સાત વર્ષ પહેલાં દિનેશનો સંપર્ક લોકગાયક વિજય સુવાળા સાથે થયો હતો.વર્ષ ૨૦૨૦માં વિજય સુવાળ અને દિનેશ દેસાઈ વચ્ચે કોઈ કારણોસર મનદુઃખ થયું હતું જેના કારણે તેણે મિત્રતાનો સંપર્ક તોડી નાંખ્યો હતો. ગત જુલાઈ મહિનામાં દિનેશને વિજય સુવાળાએ ફોન કરીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યાર બાદ વારંવાર ફોન કરીને ધમકીઓ આપે રાખી હતી. દિનેશના પિતરાઈ ભાઈ ચેતને તેને ફોન કરીને કહ્યું હતું કે, મારા ઉપર બે શખ્સોના ફોન આવ્યા હતા અને દિનેશ ક્યાં છે? તેને જાનથી મારી નાખવાનો છે એમ કહેતા હતા. ત્યાર બાદ જય દેસાઈએ દિનેશને ફોન કર્યો હતો કે, ઓઢવ રિંગ રોડથી ૨૦થી વધુ કાર અને ૧૦થી વધુ બાઈક પર બેસીને લોકો આપણા ઘર તરફ આવી રહ્યા છે. આ ફોન બાદ દિનેશ તેના પિતાની ઓફિસે પહોંચી ગયો હતો. દિનેશ પર હુમલો થાય તે દહેશતથી તેણે ભાગીદાર તેમજ જય સાથે મળીને ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી. ઓઢવ પોલીસે વિજય સહિતના લોકો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને હવે ઓઢવ પોલીસે વિજય સુવાળા સહિત ચાર લોકોની ધરપકડ કરી છે.

# મોરબીમાં ટ્રેક્ટર તણાતા મૃત્યુ પામેલાઓને ચાર લાખની સરકારી સહાય અપાશે

## આ મૃતકો માટે સી.એમ. રાહત ફંડમાંથી રૂ. ૪ લાખની સહાય આપવામાં આવશે જેની મોરબી પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ મોરબી ખાતેથી જાહેરાત કરી

મોરબી

મોરબી જિલ્લામાં હળવદના ઢવાણા ગામે ટ્રેક્ટરમાં તણાઈ જવાની દુર્ઘટનામાં વોકળામાં તણાઈને મૃત્યુ પામેલા દિવંગતો માટે સરકારશ્રીએ સંવેદના વ્યક્ત કરી છે.

ત્યારે હાલ સરકાર દ્વારા આ મૃતકો માટે સી.એમ. રાહત ફંડમાંથી રૂ. ૪ લાખની સહાય આપવામાં આવશે જેની મોરબી પ્રભારી મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ મોરબી ખાતેથી જાહેરાત કરી હતી.

મોરબી જિલ્લામાં હળવદ તાલુકાના ઢવાણા ગામે ગત ૨૫ તારીખે મોડી સાંજે ગામની નજીક આવેલા વોકળામાં ટ્રેક્ટર તણાયું હતું જેમાં ૧૭ લોકો સવાર હતા. જેમાંથી વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ફાયરની ટીમ અને સ્થાનિક લોકો દ્વારા ૯ લોકોનો આબાદ બચાવ કરવામાં આવ્યો હતો. અન્ય લોકોની શોધખોળ માટેનાં પ્રયાસો ચાલુ છે, જેમાં એન.ડી.આર.એફ.ની ટીમ અને બોટ દ્વારા સતત શોધખોળ કરવામાં આવી રહી છે. જેના પગલે અત્યાર સુધીમાં પાંચ લોકોના મૃતદેહ મળી ચૂક્યા છે.

સરકાર દ્વારા આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતો માટે સંવેદના વ્યક્ત કરી તેમના પરિવારજનોને સાંત્વના પાઠવવામાં આવી છે. મુખ્યમંત્રી રાહત ફંડમાંથી આ મૃતકોના પરિવારજનોને રૂ. ૪-૪ લાખ ચુકવવામાં આવશે. આ સહાયની મોરબી ખાતે આવેલા જિલ્લા પ્રભારી મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ જાહેરાત કરી હતી. રાજકોટમાં ત્રણ દિવસ સુધી પડેલા ધોધમાર વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. એમાંનું એક છે શહેરના સોરઠિયાવાડી સર્કલ પાસે આવેલો લલુડી વોકળી વિસ્તાર, જ્યાં વરસાદને કારણે ૧૫ ફૂટ જેટલાં પાણી ભરાઈ ગયાં હતાં અને એને કારણે ત્યાં ઘરોમાં રહેતા ૨૦૦૦ જેટલા લોકો ફસાઇ ગયા હતા. જોકે આજે આ વિસ્તારમાંથી ધીમે ધીમે પાણી ઊતરી રહ્યું છે.

# બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચાર બાબતે ડીસામાં આવેદનપત્ર અપાયું

પાલનપુર

બાંગ્લાદેશમાં સત્તા પરિવર્તન સાથે હિન્દુઓ પર થઈ રહેલા અમાનૂષી અત્યાચારોથી હિન્દુઓને બચાવવા માટે ડીસા શહેરમાં નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

નરેન્દ્ર મોદી વિચાર મંચ દ્વારા નાયબ કલેકટરને પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં જે હિસાબે કાયદો વ્યવસ્થાનું સરેઆમ ઉલંઘન કરી બહુસંખ્યક દ્વારા ત્યાં વસવાટ કરતા અલ્પસંખ્યક એવા હિન્દુ સમાજના લોકો પર જે રીતે આયોજનબધ્ધ હુમલાઓ થાય છે, ઘાતકી હત્યાઓ કરવામાં આવે છે, મહિલાઓ સાથે દુષ્કર્મ કરવામાં આવે છે.

હિન્દુ સમાજના ધર્મ સ્થાનોને નુકશાન પહોંચાડાય છે એવી હિંસક પ્રવૃત્તિને અમે સખ્ત શબ્દોમાં વખોડીએ છીએ અને એવા અસ્થિરતા ભર્યા માહોલમાં ભારત સરકાર અસરગ્રસ્ત હિન્દુઓના જાનમાલને વધુ હાની ન પહોંચે તેવા પ્રયાસ યુધ્ધના ધોરણે કરવા જોઈએ એવી અમારી અપેક્ષા છે.નરેન્દ્ર મોદી વિચાર મંચના કાર્યકરોએ આવેદનપત્ર સાથે નાયબ કલેકટરને હિન્દુઓને બચાવવા માટે સરકાર તત્કાલ પગલાં લે તેવી રજૂઆત પણ કરી હતી.

# લખતર વિરમગામ હાઈવે પર અકસ્માત સર્જાતા એકનું મોત

લખતર



લખતર વિરમગામ હાઈવે પર ઘણા સમય થી અકસ્માતો નાં બનાવો સામે આવી રહ્યા છે ત્યારે આજે ફરી બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક મહિલાનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત થયું હતું.લખતર વિરમગામ હાઈવે પર આવેલ બાબાજીપરા અને વિઠ્ઠલાપરા વચ્ચે બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈકમાં સવાર એક મહીલા નું મોત થયું હતું.વિરમગામ તાલુકાના નાની થોરી ગામના વતની રાજુભાઈ ધીરૂભાઈ અઘારા તથા તેમના પત્ની સોનલબેન અઘારા વિઠ્ઠલગઢ ગામે ધાર્મિક કામ અર્થે આવેલ હતા.

ત્યાંથી પરત પોતાના વતન નાની થોરી તરફ જઈ રહ્યા હતા ત્યારે બાઈકચાલક બાબાજીપરા અને વિઠ્ઠલાપરા વચ્ચે કોઈ કામ અર્થ બાઈક રોડની સાઈડ મા ઉભુ રાખતા પાછળથી બેફામ આવી રહેલ અન્ય બાઈકચાલક દ્વારા ટક્કર મારતા પતિ પત્ની બાઈક સાથે રોડ પર પટકાયા હતા.જેમાં પત્ની સોનલબેન ને માથાના ભાગમાં ગંભીર ઈજા પહોચતા તેઓનુ ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજયું હતું.જ્યારે પતિને ૧૦૮ મારફતે વિરમગામ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.જેમાં ટક્કર મારનાર અજાણ્યા બાઈકચાલકને પણ ઈજા પહોંચતા ખાનગી વાહન મારફત લખતર સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. મૃતક મહિલા સોનલબેન રાજુભાઈ અઘારા ઉ.વર્ષે ૩૦ અને ઈજાગ્રસ્ત રાજુભાઈ ધીરૂભાઈ અઘારા ગામ નાની થોરી. તાલુકો.વિરમગામ ના પરીવારને જાણ થતાં પરીવારજનોમાં શોકનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ લખતર પોલીસ ને થતાં લખતર પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.અને હાઈવે પર સર્જાયેલા ટ્રાફીક ને હળવો કરી મૃતક મહીલાની લાશનો કબજો મેળવી લખતર સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી.

# કરાર આધારિત સરકારી તજજ્ઞ તબીબોનો પગાર વધારીને ૧.૩૦ લાખ કરાયો

## વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂ. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂ. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે

અમદાવાદ

સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂ. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂ. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે.

ગુજરાતમાં કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, સબ ડિસ્ટ્રીક્ટ અને ડિસ્ટ્રીસ્ટ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા કરાર આધારિત ખાનગી પ્રેક્ટિસ વગરના તજજ્ઞ તબીબોને હાલમાં રૂપિયા ૯૫,૦૦૦નું વેતન આપવમાં આવે છે. ગુજરાત સરકારે આ વેતનમાં વધારો કરીને હવેથી રૂ. ૧,૩૦,૦૦૦ લાખ પ્રતિ માસ ચૂકવવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતમાં કરાર આધારિત તબીબોને ખાનગી પ્રેક્ટિસ કરવાની છૂટ આપવામાં આવતી નથી. આથી ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના પ્રતિ માસના વેતનમાં માતબર રકમનો વધારો કરાયો છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે કરેલા નિર્ણય અનુસાર, જે તબીબ ખાનગી પ્રેક્ટિસ કરતા નથી અને સરકારી દવાખાનામાં કરાર આધારિત ફરજ બજાવે છે તેમને રૂ. ૯૫૦૦૦ પ્રતિ માસ વેતન આપવામાં આવે છે, આ વેતનમાં વધારો કરીને હવેથી તેમને પ્રતિ માસ રૂ.૧,૩૦,૦૦૦ આપવાનું સરકારી ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. એટલે કે અંદાજે ૩૭ % જેટલો પગાર વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સર્જરી સાથે સંકળાયેલા તજજ્ઞ તબીબોને પ્રતિ માસ મળતા વેતન ઉપરાંત મેજર અને માઈનોર સર્જરી માટે જે દર ચુકવવામાં આવે છે તે રૂ. ૩૦૦ થી વધારીને હવેથી પ્રતિ સર્જરી દીઠ રૂ. ૨૦૦૦ સુધીની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે. વધુમાં કરાર આધારિત સેવારત એનેસ્થેટીસ્ટ તબીબોને પણ પ્રોત્સાહક રકમના ૫૦ ટકા રકમ પ્રતિ સર્જરી આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. જ્યારે સર્જીકલ તજજ્ઞો સિવાયના અન્ય તજજ્ઞોને PMJAYના પ્રવર્તમાન ધારા-ધોરણો મુજબ જ ઈન્સ્ટેન્ટિવ મળવાપાત્ર બનશે.

રાજ્ય સરકારના ઠરાવ પ્રમાણે જનરલ સર્જરી, ઓર્થોપેડિક્સ, ગાયનેકોલોજીસ્ટ અને ઈ.એન.ટીને લગતી વિવિધ મેજર સર્જરી માટે રૂ. ૨૦૦૦ અને રૂ. ૧૨૫૦ તેમજ માઈનોર સર્જરી માટે રૂ. ૬૦૦ અને રૂ. ૩૦૦ પ્રતિ સર્જરી તબીબોને ચૂકવવામાં આવશે.

# પુરગ્રસ્ત વિસ્તારોમાં લોકોની મદદ માટે ભાજપે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

## ગુજરાતમાં લોકોની મદદ માટે ભાજપ દ્વારા હેલ્પ લાઈન નંબર ૦૭૯- ૨૩૨૭૬૯૪૩ ૦૭૯-૨૩૨૭૬૯૪૪ શરૂ કરાયો

અમદાવાદ : ગુજરાતમાં છેલ્લા ત્રણ દિવસથી સાંબેલાધાર વરસાદ વરસતા લોકો હવે મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના કરી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં આજે પણ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જામનગર શહેર અને જિલ્લામાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યમાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિ અંગે વડાપ્રધાને મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીત કરી જરૂરી માહિતી મેળવી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ કોંગ્રેસી કાર્યકર્તાઓને પૂરગ્રસ્ત લોકોની મદદ કરવા અપીલ કરી છે. બીજી તરફ ભાજપે પણ રાજ્યમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં લોકોની મદદ માટે હેલ્પલાઈન નંબર શરૂ કર્યો છે. છેલ્લા ત્રણ દિવસથી રાજ્યમા મેઘ મહેરથી ઘણા જીલ્લાઓ અસરગ્રસ્ત થયા છે અને વધુ પડતા વરસાદના કારણે ઘણા પરિવારજનોને રેસ્ક્યુ કરી સલામત સ્થળે લઈ જવાનો પ્રયાસ કરવાની ફરજ પડી છે. રાજ્ય સરકાર સતત સ્થિતિની માહિતી લઈ જરૂરીયાત મંદોને મદદ પહોંચડાવાનુ કામ કરી રહી છે તેમજ ઘણા અસરગ્રસ્ત જીલ્લામા લોકોની સહાય માટે NDRF-SDRF સહિત કેન્દ્રની એજન્સીઓની ટીમ પણ કેન્દ્ર સરકાર દ્વારા મોકલવામા આવી છે.રાજયમા હાલની સ્થિતિને પગલે ભાજપા પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલે પણ અસરગ્રસ્ત વિસ્તારમા લોકોની સહાય માટે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ દ્વારા હેલ્પ લાઈનની શરૂઆત કરી છે જેનો નંબર ૦૭૯- ૨૩૨૭૬૯૪૩ તેમજ ૦૭૯-૨૩૨૭૬૯૪૪ છે.

### રાજ્યના અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ

# માંગરોળનો દરિયો તોફાની માછીમારો ભરેલી બોટ પલટી

## ૮ માછીમારો પૈકી ચાર ગુમ તો એકનું મોત નિપજ્યું



માંગરોળ , તા.૨૮

જૂનાગઢ સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. જ્યારે જૂનાગઢ, કેશોદ, મેંદરડા, ભેસાણ પંથકમાં છ ઈંચ તેમજ માળીયાહાટીનામાં બે અને માંગરોળમાં એક ઈંચ વરસાદ થયો હતો. ઓઝત, ઉબેણ, સોનરખ, કાળવા નદીમાં ફરી પૂર આવતા લોકોમાં ખુશી છવાઈ હતી.

વરસાદ સાથે પવનની આગાહી કરવામાં આવી છે. માછીમારોને દરિયામાં જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને માછીમારોને સાવચેત કરવા માંગરોળ બંદર પર ત્રણ નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા વરસાદ બાદની સ્થિતિને પહોંચી વળવા માટે કેશાદમાં એન.ડી.આર.એફ. અને જૂનાગઢમાં એક એસ.ડી.આર.એફ.ની ટીમ તૈનાત રાખવામાં આવી છે.

હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. વરસાદ સાથે પવનની આગાહી કરવામાં આવી છે. ત્યારે દરિયામાંથી એક બોટ દરિયામાં પલટી ખાઈ ગઈ હોવાનો વીડિયો સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર દરિયો ખેડવા ગયેલા માછીમારો બોટમાં ફરી રહ્યા હતા. ત્યારે દરિયો તોફાનો બન્યો હતો. આ દરમિયાન બોટનું એન્જિન બંધ થઈ જતાં ભર દરિયે બોટ એકાએક બંધ થઈ ગઈ હતી અને પલટી ખાઈ ગઈ હતી.

બોટમાં ૮ માછીમારો સવાર હતા, જેમાંથી ૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે ૪ લોકોની શોધખોળ શરુ કરવામાં આવી છે ને એક માછીમારનું મોત નિપજ્યું છે.

ઘટનાની જાણ થતાં ડે. કલેક્ટર સહિત અધિકારીઓનો કાફલો અને વહીવટી તંત્રની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. એનડીઆરએફ ટીમ અને સ્થાનિક તરવૈયાની મદદથી શોધખોળ શરુ કરી દેવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લામાં ગત જુલાઈ માસમાં ભારે વરસાદ પડયો હતો. ત્યારે ભેસાણ અને માંગરોળ સિવાયના તમામ તાલુકામાં સિઝનનો સરેરાશ ૧૦૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો હતો. જ્યારે ભેસાણમાં પણ હવે ૧૦૦ ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. હવે માંગરોળમાં આ વખતે ઓછો વરસાદ છે. હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે વિલિંગડન ડેમ અને દામાંડરકુંડ ખાતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે તંત્રએ રેસ્કયુ ટીમ તૈનાત કરી દીધી છે.

હવામાન વિભાગની આગાહીની વાત કરીએ તો ૨૯ ઑગસ્ટમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દીવમાં તેમજ ૩૦ ઑગસ્ટના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ, દીવને રેડ એલર્ટ જાહેર કરાયું છે.

### તમામ તંત્રને ખડેપગે રહેવાના આદેશ

# રાજ્યમાં હજુ ત્રણ દિવસ વરસાદી આફતનો ખતરો !

## રાજ્યમાં ૨૭મીના મંગળવારે ચોમાસાની મોસમનો સરેરાશ વરસાદ ૧૦૦ ટકાને પાર થઈ ગયો છે

ગાંધીનગર

રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી કપરી પરિસ્થિતિમાં વહિવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અને બચાવ રાહત પગલાં અંગે ઈમરજન્સી સમીક્ષા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી મુખ્યસચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, એમ.કે.દાસ સહિત મહેસુલ, ઊર્જા, આરોગ્ય, પાણી પુરવઠા, માર્ગ મકાન અને અન્ય સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવોની ખાસ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વીડિયો કોન્ફરન્સથી કરી હતી. જેમાં આ તમામ વિગતો મુખ્યમંત્રીને આપવામાં આવી હતી. બોટાદના ખાંબડા ડેમામાંથી પાણી છોડવાની શકયતા પૂર્વે બરવાળા તાલુકાના ખાંબડા ગામના ૧૯૮ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું. મોરબી જિલ્લાના માળિયાના મોટા દહીંસરા સબ સ્ટેશનમાં ફસાયેલા ૬ કર્મચારીને રેસ્કયૂ કરાયા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પ્રસુતિની સંભાવના ધરાવતી ૩૦ જેટલી સગર્ભાને તબીબી નિરીક્ષણ માટે નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવી. પંચમહાલ જિલ્લામાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા આશરે ૪,૦૦૦ જેટલા નાગરિકોને સુરક્ષિત જગ્યાએ સ્થળાંતરિત કરાયા અને ૨૦ જેટલા રસ્તાના કોઝ-વે પણ બંધ કરાયા. વડોદરા શહેરમાં એક જ દિવસમાં ૧૦૮ એમ્બ્યુલન્સને ૨૮૫ કોલ મળ્યા હોવા છતાં,

એમ્બ્યુલન્સ સેવા અટકી નહીં. પાણી ભરાયેલા હોય તેવા વિસ્તારમાંથી ૪૯ દર્દીને એમ્બ્યુલન્સના માધ્યમથી સહી સલામત હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. એક સગર્ભા મહિલાની એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસુતિ કરવામાં આવી. મોરબી જિલ્લામાં મચ્છુ નદીનું જળ સ્તર વધતા સામખિયાળીથી માળિયા સુધીના નેશનલ હાઈવે પર વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો. નીચાણવાળા વિસ્તારોમાંથી ૧૦ ખાસ ટીમો દ્વારા નાગરીકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાયા. રાજ્ય સરકારે તાજેતરના ભયંકર પૂરથી અસરગ્રસ્ત અનેક જિલ્લાઓમાં તાત્કાલિક પૂર રાહત કામગીરી માટે આર્મીની છ કોલમની સહાયની માગ કરી છે. રાહત કામગીરી માટે આર્મી કોલમની તૈનાતી નીચે મુજબ ફાળવાઈ છે. મોરબી જિલ્લામાં એક કોલમ રવાના કરાઈ છે, આણંદ અને ખેડા જિલ્લામાં બે કોલમ, દ્વારકા અને રાજકોટ જિલ્લામાં બે કોલમ, વડોદરા જિલ્લામાં એક કોલમ હાલમાં સ્થળ તરફ આગળ વધી રહી છે. જરૂરી માનવબળ, તબીબી અને ઈજનેરી ઉપકરણોથી પર્યાપ્ત રીતે સજ્જ આ કોલમોને એકત્રિત કરવામાં આવી છે અને સક્રિયપણે તેમના સંબંધિત સ્થળોએ જવા રવાના થઈ રહી છે.

### ગુજરાતમાં ભારે વરસાદ બાદની સ્થિતિ અંગે ચર્ચા

# મોદીએ CM ભૂપેન્દ્ર પટેલ સાથે કરી ટેલીફોનિક વાતચીત



ગાંધીનગર

ગુજરાતમાં શનિવારથી લઈને ચાર દિવસ સુધી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજાએ તબાહી મચાવી છે, સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લા અને દક્ષિણથી લઈને ઉત્તર ગુજરાત સુધી પાણી પાણી થઈ ગયા છે.

લોકોના જાનમાલને ભારે નુકસાન પહોંચ્યુ છે, પશુધનથી લઈને ઘરો-દુકાનો અને ધંધા પર અસર પડી છે. ત્યારે આ બધાની વચ્ચે હવે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ભારે વરસાદ બાદ સમગ્ર સ્થિતિ અંગે આજે બુધવારે ટેલિફોનિક વાતચીત કરી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આજે એક્સ પર પૉસ્ટ કરીને આ વાતની માહિતી આપી છે. તેમને લખ્યુ કે, ગુજરાતમાં વરસાદી આફતને લઇને ઁર મોદી સાથે ટેલિફૉનિક વાતચીત થઈ છે અને તમામ સહાય તેમજ મદદ પુરી પાડવાની ખાતરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પૉસ્ટ કરીને લખ્યું કે, માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અતિભારે વરસાદની સ્થિતિને લઈને મારી સાથે ટેલીફોનિક વાતચીત કરીને રાહત-બચાવ કામગીરીની ઝીણવટભરી વિગતો મેળવી. તેમણે નાગરિકોના જાનમાલ તેમજ પશુધનના રક્ષણ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું તેમજ ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી તમામ જરૂરી સહયોગ અને મદદ પુરી પાડવાની ખાતરી આપી છે. પ્રધાનમંત્રીએ ગુજરાતની સ્થિતિ પર સતત ધ્યાન રાખી રહ્યા છે. ગુજરાતના લોકો પ્રત્યે તેમના હૃદયમાં ઊંડો સ્નેહભાવ છે. કુદરતી આફતની આ વેળાએ અને જ્યારે પણ જરૂર હોય ત્યારે તેઓ હંમેશા ગુજરાત અને ગુજરાતના લોકોની પડખે ઉભા રહીને હૂંફ અને બહુમૂલ્ય માર્ગદર્શન આપતા રહે છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL